# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ. ગુજરાત(ભારત)
ફો.(ઓ) : ૦૨૮૫–૨૬૮૧૪૦૦
Website : http://www.bknmu.edu.in Email. : info@bknmu.edu.in

પરિપત્ર:–

વિષય:– ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અને મ્યુનિસિપલ કોર્પોરેશન–જૂનાગઢનાં સંયુક્ત ઉપક્રમે આયોજીત વિવિધ કાર્યક્રમોનાં લોકાર્પણ/અનાવરણ બાબત.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ જીલ્લાની સરકારી/ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે. કે તા.૨૩/૧૧/૨૦૧૯નાં રોજ ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રીશ્રીનાં વરદ હસ્તે વિવિધ જગ્યાઓનાં લોકાર્પણ/અનાવરણ તથા સ્કીલ બેઈઝડ કોર્સીસનું અનાવરણ કાર્યક્રમનું આયોજન થયેલ છે. આ કાર્યકમ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અને મ્યુનિસિપલ કોર્પોરેશન,જૂનાગઢનાં સંયુકત ઉપક્રમે યોજનાર છે.

આ કાર્યક્રમમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન ગર્વમેન્ટ આર્ટસ કોલેજ–ભેસાણનાં નવનિર્મિત બિલ્ડીગ (ભવન)નું લોકર્પણ,ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી–જૂનાગઢ અને મ્યુનિ.કોર્પોરેશન સાથે વિવિધ બાબતો અન્વયે થનાર MoU,ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ થી શરૂ થનાર સ્કીલ બેઈઝડ ડિપ્લોમાં/સર્ટીફિકેટ અભ્યાસક્રમોનું અનાવરણ તથા માનનીય મુખ્યમંત્રીશ્રીનાં વરદ હસ્તે વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ જેવા મહત્વનાં કાર્યોનું આયોજન છે.

ઉકત વિગતોનાં સંપૂર્ણ આયોજન અંતર્ગત **<u>અત્રેની યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ/સંચાલકશ્રીઓની તા.૨૦/૧૧/૨૦૧૯નાં રોજ બપોરનાં ૩:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર મીટીગનું આયોજન કરવામાં આવેલ છે.</u>** તેમાં કોલેજનાં આચાર્યશ્રી/સંચાલકશ્રી પૈકી કોઈ એકને હાજર રહેવા જણાવવામાં આવે છે.

ઈ.ચા.રજીસ્ટ્રાર

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૨૨૬/૨૦૧૯–૨૦
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગર્વમેન્ટ પોલીટેકનીક કેમ્પસ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા,જૂનાગઢ–૩૬૨૨૬૩
તા.૧૮/૧૧/૨૦૧૯

**નકલ રવાના:–**
માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:–**
(૧)આઈ.ટી.સેલ વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે.